# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં વ્યાજખોરો સામે કડક કાર્યવાહી , લોન મેળાના આયોજનથી નાગરિકોને રાહત મળી હોવાનું જણાવતાં રાજ્ય પોલીસ વડા.**
2. **નવી શિક્ષણ નીતિ અનુસાર રાજ્યના ધોરણ 3થી 8ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે G.C.E.R.T. દ્વારા તાલીમ.**
3. **અરબી સમુદ્રમાં અમરેલી અને દીવની ચાર બોટ ડુબતાં 25 ખલાસીઓને બચાવાયા અગિયારની શોધખોળ.**
4. **બે દિવસ માટે રાજ્યના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અતિભારેથી ભારે વરસાદની આગાહી.**
5. **ગાંધીનગર સ્થિતિ સાઉથ -વેસ્ટ એક કમાન્ડ દ્વારા ઓપરેશન સિંદૂરની કાર્યવાહીમાં મહત્વપૂર્ણ ભૂમિકા રહી હોવાનું જણાવતાં એર માર્શલ નાગેશ કપૂર**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CRIME CONFERENCE

રાજ્યમાં ગુનાખોરીને ડામવા માટે પોલીસ વિભાગ દ્વારા વિવિધ તબક્કે પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી હોવાનુ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું.

વ્યાજખોરો સામે કડક કાર્યવાહી હાથ ધરી સામાન્ય નાગરિકોને વ્યાજખોરોના સકંજામાંથી મુક્તિ મળે તેના ઉપર ખાસ ભાર મૂકવામાં આવે રહ્યો હોવાનું નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે યોજાયેલી રાજ્યની ક્રાઇમ કોન્ફરન્સમાં રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે જણાવ્યું હતું.

ડીજીપીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે પોલીસની કાર્યવાહી અંતર્ગત જૂલાઈ માસમાં **64** જેટલા કેસમાં ફરિયાદ નોંધવામાં આવી અને **105** જેટલા આરોપીઓને પકડવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે વર્ષ દરમિયાન **400** જેટલાં કેસમાં **956** જેટલા આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા.

## બાઇટ- વિકાસ સહાય , ડીજીપી

---

# CYBER CRIME ARREST

અમદાવાદના નારણપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડિજીટલ એરેસ્ટના ગુનાની ફરિયાદની તપાસમાં અમદાવાદ ક્રાઇમ બ્રાંચે ચાઈનીઝ ગેંગના છ એજન્ટો સહિત ઠકરાર ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગ વિદેશથી સાયબર ફ્રોડ કરનારી ચાઈનીઝ ગેંગના એજન્ટ હતા.

ઠકરાર નામની આ ગેંગનો મુખ્ય સુત્રધાર દુબઇથી ઓપરેટ કરીને બેંક ખાતામાંથી નાણા પડાવીને તેન ક્રિપ્ટો કરન્સીમાં તબદીલ કરતો હતો. આ ગેંગના છ સભ્યોની ધરપકડ કરીને ક્રાઇમ બ્રાંચે ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો છે. તેમજ દુબઇ સ્થિત મુખ્ય સૂત્રધારને ફરાર જાહેર કરાયો છે.

અમદાવાદ ક્રાઇમ બ્રાંચે આંબાવાડી સ્થિતિ આરોપીઓની ઓફિસ પર તપાસ કરીને બેંકની પાસબુકો સહિત 37 લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

---

## GCERT TRAININ G

નેશનલ એજ્યુકેશન પોલીસી-**2020** તેમજ નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક **2023**ને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિ તેમજ તેના મૂલ્યાંકનમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ ફેરફારની અસર વર્ગખંડ સુધી પહોંચે તે માટે જીસીઇઆરટી દ્વારા ધોરણ **3**થી **8**ની વિષયવાર શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે.

રાજ્યના ધોરણ **3**થી **8**ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે **G.C.E.R.T.** દ્વારા તાલીમ અપાઈ રહી છે. શિક્ષક આવૃત્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે શિક્ષકોને માર્ગદર્શન અને નિદર્શન આપવા માટે શિક્ષક આવૃત્તિ આધારિત તાલીમનું તારીખ **18** ઓગસ્ટથી 29 સપ્ટેમ્બર સુધી આયોજન કરવામાં આવ્યું છે.

તાલીમના માર્ગદર્શન સેશનમાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ વીડીયો સંદેશ મારફતે સૌ શિક્ષકોને એક ભારત શ્રેષ્ઠ ભારત માટે બાળકોને તૈયાર કરવા આહ્વાન કર્યું હતું.

## બાઇટ- પ્રફુલ્લ પાનસેરિયા, રાજ્ય શિક્ષણ મંત્રી

---

## BOAT DUBI

અરબી સમુદ્રમાં  ગઇકાલે દિવ અને અમરેલીની અલગ અલગ ચાર બોટ ડુબી ગઇ હતી. જેમાંથી 25 જેટલા માછીમારોનને બચાવાયા છે. જ્યારે અન્ય 11 માછીમારોની શોધખોળ ચાલી રહી છે.

અમરેલી જિલ્લામાં જાફરાબાદથી 18 નોટિકલ માઇલ દૂર 3 બોટ દરિયામાં ડૂબી ગઈ. ત્રણેયમાં બોટમાં 28 માછીમારો સવાર હતા. જેમાંથી 17ને બચાવી લેવાયા છે ,જ્યારે 11 માછીમારોની શોધખોળ ચાલી રહી છે. જાફરાબાદ અને રાજપરાની બંને બોટે દરિયામાં જળસમાધી લીધી છે.બંને બોટમાં નવ-નવ માછીમારો સવાર હતા. જેમાંથી 10ને અન્ય બોટ ધારકોએ બચાવી લીધા છે. આ ઉપરાંત અન્ય એક બોટના 7 ખલાસીઓનું રેસ્ક્યુ કરાયું છે.જોકે , મધ દરિયામાં ખરાબ વાતાવરણના પગલે હેલિકોપ્ટર લાવવું મુશ્કેલ બન્યું છે. જાફરાબાદની બોટમાંથી બચાવી લેવાયેલા 5 માછીમારોમાંથી બે માછીમાર ઈજાગ્રસ્ત છે.

## વોઈસ કાસ્ટ – હરેશ ટાંક

બીજીતરફ કેન્દ્રશાસિત પ્રદેશ દીવના દરિયામાં એક બોટ મધદરિયે ડૂબી ગઈ.આ દુર્ઘટનામા એક ટંડેલ સહિત સાત ખલાસી નો આબાદ બચાવ થયો છે.

માછીમારી માટે ગયેલી બોટ અચાનક ભારે પવન સાથે વરસાદને કારણે દરિયામા ડુબી હતી.બોટમા સવાર સાત ખલાસી અને એક ટંડેલને અન્ય બોટ દ્વારા બચાવી લેવામા આવ્યા હતા.

## આકાશવાણી સમાચાર, હરેશ ટાંક

---

## WEATHER

હવામાન વિભાગ દ્વારા આજથી બે દિવસ માટે રાજ્યના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં અતિભારેથી ભારે વરસાદની આગાહી કરી છે.

દરિયાકિનારાના વિસ્તારો જેવા કે અમરેલી , ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જ્યારે દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી અને ડાંગમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું.

અમદાવાદમાં પણ વીજળીના કડાકા સાથે મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. આગામી પાંચ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

---

## Rain

રાજ્યમાં વરસાદી માહોલ યથાવત છે.ગઇકાલે સવારે 6થી આજે સવારે 4 વાગ્યા સુધીમાં રાજ્યના 161 તાલુકામાં વરસાદ વરસ્યો છે.સૌથી વધુ વરસાદ

દેવભૂમિ દ્વારકાના કલ્યાણ તાલુકામા સાડા આઠ ઇંચ વરસાદ નોંધાયો છે.આ ઉપરાંત દ્વારકા તાલુકામાં સાડા પાંચ , પોરબંદર અને માંગરોળ તાલુકામાં 4 ઇંચ , વલસાડના ઉમરગામમાં 3 ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. આ સિવાયના તાલુકામાં 1થી અઢી ઇંચ વરસાદ વરસ્યો હતો.

દરમિયાન ઉકાઈ ડેમના 9 દરવાજા ખોલી 1 લાખ 25 હજાર ક્યુસેક પાણી છોડતાં તંત્ર દ્વારા નીચાણવાળા 10 ગામના લોકોને એલર્ટ કરાયાં છે. ઉપરવાસ ભારે વરસાદથી ડેમમાં 1 લાખ 39 હજાર ક્યુસેક પાણી આવક થઈ છે.ડેમની જળ સપાટી હાલ 334.80 ફૂટ પર પહોંચી છે.આકસ્મિત સંજોગોમાં નજીકના આશ્રય સ્થાન પર સ્થળાંતર કરવા માટે તંત્રએ સૂચના આપી છે.

પાટણમાં ગઇકાલે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

રાજકોટના વેણુ- 2 જળાશય 80 ટકા ભરાતા પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવરન કરવા સૂચના અપાઈ છે.જ્યારે જામકંડોરણામાં સોડવદર જળાશય 70 ટકા ભરતા ધોરાજી તાલુકાના ઝાંઝમેર અને સૂપેડી તથા જામકંડોરણા શહેરના લોકોને કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના અપાઈ છે.

---

## WEATHER WATCH GROUP MEETING

ગાંધીનગર ખાતે રાહત નિયામકના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં

આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં **N.D.R.F.** અને **S.D.R.F.** અધિકારીઓના જણાવ્યા મુજબ ચોમાસામાં દરમિયાન ઉપસ્થિત થતી કોઇપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા **N.D.R.F.**ની કુલ **12** ટીમ અને **S.D.R.F.**ની **20** ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે તૈનાત કરવામાં આવી છે.

આ ઉપરાંત **NDRF**ની એક ટીમ રીઝર્વ રાખવામાં આવી છે. વધુમાં, સુરેન્દ્રનગર જિલ્લામાં આયોજિત તરણેતરના મેળા માટે પણ એક **S.D.R.F.** ટીમ ફાળવવા રાહત નિયામકે સૂચના આપી હતી.

સિંચાઇ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપી ચર્ચા કરવામાં આવી હતી. તેમણે રાજ્યના **206** જળાશયો પૈકી **61** જળાશયો હાઇએલર્ટ, **27** જળાશયો એલર્ટ તથા **21** જળાશયો વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

---

# AIR COMMONDAR NAGESH KAPOOR

ગાંધીનગર સ્થિતિ સાઉથ વેસ્ટ એર કમાન્ડર એર માર્શલ નાગેશ કપૂરે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન રડાર નષ્ટ કરવા સહિતની મહત્વપૂર્ણ કાર્યવાહીમાં સાઉથ વેસ્ટ કમાન્ડની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

25મી એપ્રિલે ગાંધીનગર સ્થિત કાર્યાલયનો ચાર્જ સંભાળ્યા બાદ પહેલી વાર પત્રકારો સાથે વાતચિત કરતાં તેમણે કહ્યું હતું કે તેમણે કરેલી કાર્યવાહીથી તેઓ સંતુષ્ટ છે..

## બાઇટ- એર માર્શલ નાગેશકપૂર

તાજેતરમાં જ દેશના 79માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે એર માર્શલ નાગેશ કપૂરને સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલથી સન્માનિત કરાયાં હતા. તેમને આ મેડલ પ્રાપ્ત થવા બદલ ગુજરાતના રાજ્યપાલે તેમનુ સન્માન કર્યું હતું.

---

## SAHKAR WORKSHOP

આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-2025 ઉજવણી અંતર્ગત આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સહકારી અગ્રણીઓનો વર્કશોપ યોજાશે, જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી કૃષિ મંત્રી રાઘવજી પટેલ, વન-પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા, સહકાર-રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે.

સાંભળીયે એક અહેવાલ...

## (વોઇસ કાસ્ટ : હિના મોદી )

સહકાર સે સમૃદ્ધિ"ના મંત્ર સાથે રાજ્ય સરકારના સહકાર,પશુપાલન, ગૌ સંવર્ધન અને મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરાયું છે . ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજનાર આ કાર્યશાળામાં ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના અધ્યક્ષ અજય પટેલ, ઇફકોના ચેરમેન દિલીપ સંઘાણી તેમજ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન અશોક ચૌધરી પણ

સહભાગી થશે. આ એક દિવસીય કાર્યશાળામાં રાજ્યની જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોના ડિરેક્ટર, જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ડિરેક્ટર તેમજ ગુજકોમાસોલ અને ખેતીબેંકના નિયામક અને સહકારી અગ્રણીઓ પણ જોડાશે.

**હિના મોદી – આકાશવાણી સમાચાર અમદાવાદ**

---